મહત્તમ : ૩૨.૫ ડીગ્રી
લઘુતમ : ૨૪.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૬ ટકા ● સાંજે ૫૯ ટકા
ગાંધીનગર તાપમાન

ગાંધીનગરની મહેમાન બનેલ સરિતા ગાયકવાડ

ગાંધીનગર સમાચાર સાથે ખાસ વાતચીતમાં સરિતાએ જણાવ્યું કે મા-બાપે સંતાનોને રુચિ મુજબ કારકિર્દી ઘડવાની તક આપવી જોઈએ

ગાંધીનગર, તા. ૦૭

"દરેક માતા-પિતાએ તેમના સંતાનોને રુચિ મુજબ કારકિર્દી ઘડવાની તક આપવી જોઈએ, આજની દીકરીઓમાં પણ ઘણી પ્રતિભા છે જે બહાર આવી રહી છે અને તેમાં રમતગમત ક્ષેત્રે ગુજરાત સરકારના ખેલ મહાકુંભને કારણે આ પ્રતિભાઓને સારી તક મળી રહી છે." આ શબ્દો છે તાજેતરમાં ઇંડોનેશિયાના જકાર્તા ખાતે એશિયન ગેમ્સમાં ૪x૪૦૦ મીટર રિલે દૌડમાં ગોલ્ડ મેડલ જીતનાર ભારતીય ખેલાડી ગુજરાતની ડાંગ જિલ્લાની દીકરી સરિતા ગાયકવાડના. એશિયન ગેમ્સમાં મેડલ્સ જીતનારા ચાર ગુજરાતી ખેલાડીઓ આજે ગાંધીનગર ખાતે પધાર્યા હતા જેમાં સરિતા ગાયકવાડ ઉપરાંત ટેનિસ પ્લેયર અંકિતા રૈના, હરમીત દેસાઈ અને માનવ ઠક્કરનો સમાવેશ થાય છે.

ગાંધીનગર સમાચાર સાથે ખાસ વાતચીતમાં સરિતા ગાયકવાડે જણાવ્યુ હતું કે તેમણે આ મેડલ જીતવા ખૂબ આકરી મહેનત કરી છે, તેઓ પી ટી ઉષાને પોતાનો આદર્શ માને છે. તેઓ એશિયન ગેમ્સ દરમ્યાન નવરાશની પળોમાં તેમની સાથી ખેલાડી હિમા દાસ સાથે પોતાની રમતની ચર્ચા કરતાં હતા અને તેમાં રહેલી ખામીઓને દૂર કરવાનો ઉપાય અંગે વિચારતા રહેતા હતા. સરિતા ગાયકવાડ ડાંગ જિલ્લાના અંતરિયાળ ગ્રામીણ વિસ્તારમાંથી આવે છે તે અંગે પૂછતા તેમણે જણાવ્યુ હતું કે "આદિવાસી યુવાનોમાં જેમાં ખાસ કરીને દીકરીઓમાં ઘણી પ્રતિભા છે, શરીરે ખડતલ હોવાને કારણે સ્પોર્ટ્સ ક્ષેત્રે સારો દેખાવ કરી શકે છે, આગામી દિવસોમાં અનેક આદિવાસી ખેલાડીઓ ગુજરાતનું અને દેશનું નામ રોશન કરશે. સરિતા ગાયકવાડને પી. ટી. ઉષાનો રેકોર્ડ તોડવો છે.

છેલ્લાં બે વર્ષથી આકરી મહેનત કરી રહ્યા હતા જેનું ફળ અમને મળ્યું : ટેબલ ટેનિસની બેલડી હરમીત દેસાઇ અને માનવ ઠક્કરની કેફિયત

ટેનિસ ખેલાડી અંકિતા રૈનાએ એશિયન ગેમ્સમાં બ્રોન્ઝ મેડલ મેળવ્યો છે, ગાંધીનગર સમાચાર સાથેની વાત કરતાં અંકિતા રૈનાએ જણાવ્યુ હતું કે "ગુજરાતના ચાર ખેલાડીઓ એશિયન ગેમ્સમાં મેડલ્સ લઈને આવ્યા છે તે દર્શાવે છે કે રાજયમાં હવે યુવાનો સ્પોર્ટ્સને ગંભીરતાથી લઈ રહ્યા છે, રાજય સરકારની શકિત દૂત યોજનાને કારણે રાજયના ખેલાડીઓને સારી સવલત મળી રહી છે જેથી આંતરરાષ્ટ્રીય સ્તરે ખેલાડીઓ સારું પ્રદર્શન કરી રહ્યા છે, જુદા જુદા સ્થળે રમવાથી સારો અનુભવ મળી રહ્યો છે જે મોટી ઈવેન્ટમાં ખૂબ કામ લાગે છે. રાજયમાં હવે રમતગમત ક્ષેત્રે પરીવર્તન આવ્યું છે.

પી ટી ઉષા સરિતા ગાયકવાડનો આદર્શ : રાજ્યમાં રમતગમત ક્ષેત્રે પરીવર્તન આવ્યું છે : અંકિતા રૈના

ટેબલ ટેનિસ ખેલાડી જોડી હરમીત દેસાઈ અને માનવ ઠક્કરે જણાવ્યુ હતું કે "ટેબલ ટેનિસમાં જે છેલ્લા ૬૦ વર્ષથી નથી થયું તે અમે કરી શક્યા છીએ, જાપાન જેવી મજબૂત ગણાતી ટીમને અમે હરાવી છે તે અમારા માટે ગર્વની વાત છે, કોમનવેલ્થ ગેમ્સનો અનુભવ ખૂબ ઉપયોગી નિવડ્યો છે, એશિયન ગેમ્સ માટે અમે છેલ્લાં બે વર્ષથી આકરી મહેનત કરી રહ્યા હતા જેનું ફળ અમને મળ્યું છે હવે આગામી યુથ ઓલિમ્પિકમાં વધુ સારો દેખાવ કરવાનું અમારું લક્ષ્યાંક છે. રાજયમાં હવે સ્પોર્ટ્સ કલ્ચર વિકસી રહ્યું છે અને યુવાનો સ્પોર્ટ્સને કેરિયર તરીકે સ્વીકારી રહ્યા છે, સરકારની નીતિ પણ હવે ખૂબ સારી બની છે જેમાં શક્તિદૂત યોજના ખૂબ મદદરૂપ નીવડી રહી છે."

@ગાંધીનગર

● ગાયત્રીપ્રસાદ રાવલ, સે-૫-બી પ્લોટ નં. ૫૨૩/૨ના નિવાસસ્થાને સવારે ૮.૩૦ કલાકે લઘુરૂદ્રાભિષેક મહાપ્રસાદ સાથે યોજાશે.

રવિવારે સાહિત્ય સભા સ્વ. ભગવતીકુમાર શર્માને શબ્દાંજલિ અર્પણ કરશે

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર સાહિત્ય સભા દ્વારા આગામી તા. ૯મી સપ્ટેમ્બર રવિવારે સાંજે ૫.૩૦ કલાકે સેકટર-૨૧માં નમન એપાર્ટમેન્ટ ખાતે યોજાનાર માસિક સભામાં મૂર્ધન્ય સાહિત્યકાર સ્વ. ભગવતીકુમાર શર્માને શબ્દાંજલિ અર્પણ કરવાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે ગાંધીનગરના જાણીતા સાહિત્યકાર ડૉ. કેશુભાઈ દેસાઈ 'મૂઠી ઊંચેરા સર્જક શ્રી ભગવતીકુમાર' વિષયે વકતવ્ય આપશે જયારે સાહિત્યકાર ડૉ. ધ્વનિલ પારેખ સ્વ. ભગવતીકુમાર શર્માની કવિતા અંગે વકતવ્ય રજુ કરશે. આ કાર્યક્રમમાં ભાગ લેવા સાહિત્ય સભાના સભ્યો, સાહિત્ય રસિકો, ભાવકો તથા અગ્રણી નગરજનોને જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

આગામી વાઈબ્રન્ટ ગુજરાત સ્ટાર્ટઅપ એન્ડ ટેકનોલોજી સમિટ અંગે માર્ગદર્શન તથા રોડ શૉનું આયોજન

ગાંધીનગર, તા.૬

ગાંધીનગરની કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન એસ.વી. ઈનોવેશન ફાઉન્ડેશન દ્વારા વાઈબ્રન્ટ ગુજરાત સ્ટાર્ટઅપ એન્ડ ટેકનોલોજી સમિટ ૨૦૧૮ના સંયુકત ઉપક્રમે તા. ૭મી સપ્ટેમ્બર શુક્રવારે સવારે ૧૦.૩૦ કલાકે સેકટર-૧૫ સ્થિત એલડીઆરપી કોલેજના મિકેનિકલ હૉલ ખાતે રોડ શૉ તથા જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને આગામી વાઈબ્રન્ટ સમિટ સ્ટાર્ટ અપ એન્ડ ટકનોલોજી સમિટ અંગે માહિતગાર કરી તેમાં ભાગ લેવા પ્રોત્સાહિત કરાશે.

સિનિયર સિટિઝન માટે નિઃશુલ્ક કાનની તપાસનો કેમ્પ

ગાંધીનગર, તા.૬

સિનિયર સિટિઝન કાઉન્સિલ ગાંધીનગરના સહયોગથી એશિયન સ્પીચ એન્ડ હીયરીંગ કલીનીક દ્વારા સિનિયર સિટિઝન માટે નિઃશુલ્ક કાનની તપાસના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

આ કેમ્પ તા. ૯મી સ્ટેમ્બર રવિવારે સવારે ૯ થી ૧ કલાક દરમિયાન ડૉ. રાજવીર નારાયણી, ઈ.એન.ટી. કિલનીક, પ્લોટ નં. ૧૦૦૮/૨ એસ.ડી. ડેપોની સામે, સે-૭-સી, ફોન નં. ૨૩૨૩૦૦૫૫ ખાતે યોજાશે.

ચિરવિદાય

- સ્વ. વ્યાસ પુષ્પાબેન કનૈયાલાલ, ઉ.વ. ૭૮
- સ્વ. સોમાભાઈ ધૂળાભાઈ મકવાણા, ઉ.વ. ૫૨
- સ્વ. ચંચળબા વિહાજી બિહોલા, ઉ.વ. ૧૦૧
- સ્વ. કુસુમબેન વિનોદચંદ્ર મોદી, ઉ.વ. ૬૩
- સ્વ. હિતેશ મહેશચંદ્ર નાણાવટી, ઉ.વ. ૫૪
- સ્વ. તારાબેન ભાર્ગવકુમાર પટેલ, ઉ.વ. ૫૪
- સ્વ. ઠાકોર બાબુજી પ્રતાપજી, ઉ.વ. ૫૦
- સ્વ. મણીબેન ખીમજીભાઈ બારોટ, ઉ.વ. ૮૪

ચંદ્રાલા પાસેથી દારૂ ભરેલી ઈન્ડીકા ગાડી પકડાઈ

અમદાવાદના બુટલેગર કિશોર ઊર્ફે લંગડાના પુત્રનો માલ હતો : રૂ.૮૩ હજારની કિંમતનો દારૂ જપ્ત કિશોર લંગડાનો દીકરો આ ગાડીનું પાયલોટીંગ કરવા ઈનોવા લઈને લેકાવાડા ઊભો રહ્યો હતો

ગાંધીનગર, તા.૬

ચિલોડા નજીક ચંદ્રાલા પાટિયા પાસે નાકા પોઈન્ટ પર ચિલોડા પોલીસ વાહન ચેકિંગ કરી રહી હતી ત્યારે હિંમતનગર તરફથી આવી રહેલી એક ઈન્ડીકા ગાડીના ચેકિંગ દરમિયાન તેમાંથી વિદેશી દારૂની બોટલો મળી આવી હતી. રાજસ્થાનના ઉદેપુર વિસ્તારના બે શખ્સોને ઈન્ડીકા ગાડી અને વિદેશી દારૂની બોટલ સાથે પકડી પાડવામાં આવ્યા હતા. તેમની પૂછપરછમાં વિગતો બહાર આવી હતી કે આ માલ અમદાવાદના બુટલેગર કિશોર ઉર્ફે લંગડાના દીકરાનો હતો. કિશોર લંગડાનો દીકરો દિલીપ લેકાવાડા પાસે ઈનોવા ગાડી લઈને આ ઈન્ડીકા ગાડીના પાયલોટિંગ માટે ઉભો હોવાની વિગત ખુલી હતી. જેને આધારે પોલીસે તેને પણ પકડી પાડ્યો હતો.

ચિલોડા પોલીસની ટીમ ચંદ્રાલા નાકા પોઈન્ટ પર વાહન ચેકિંગ કરી રહી હતી ત્યારે આર.જે ૨૭ ટીએ ૫૧૧૭ નંબરની ઈન્ડીકા ગાડી ત્યાંથી પસાર થઈ હતી જેને ઊભી રખાવી ગાડીમાં ચેકિંગ કરવામાં આવ્યું હતું. ગાડીમાં તપાસ કરતા અંદરથી અલગ અલગ બ્રાન્ડની ૬૭૧ નંગ નાની મોટી વિદેશી દારૂની બોટલો મળી આવી હતી. પોલીસે ૮૩ હજારની કિંમતના દારૂનાં મુદ્દામાલ સાથે બંને રાજસ્થાની શખ્સો વિષ્ણુ કરમશીજી ઠાકોર અને ગૌરવજીત ઈન્દ્રજીત ડોડીયાની ધરપકડ કરી ઊંડી પૂછપરછ શરૂ કરી હતી. બંને શખ્સોની પુછપરછ કરતા બહાર આવ્યુ હતુ કે અમદાવાદના અસારવા વિસ્તારમાં રહેતા દિલીપ કિશોર ઊર્ફે લંગડાને ત્યાં આ માલ લઈ જવાનો હતો. લેકાવાડા પાસે આ ઈન્ડીકા ગાડીનુ પાયલોટીંગ કરવા અમદાવાદના કુખ્યાત બુટલેગર કિશોર લંગડાનો દીકરો દિલીપ ઈનોવા ગાડી લઈને ઊભો હતો. આ માહિતી મળતા પોલીસે ત્યાં જઈને તેને પણ પકડી પાડ્યો હતો. પોલીસે દારૂ, મોબાઈલ તથા કાર મળી કુલ રૂ.૯.૩૧ લાખનો મુદ્દામાલ જપ્ત કરી ત્રણેય સામે ગુનો દાખલ કરી કાર્યવાહી હાથ ધરી છે.

સિવિલનો જેનરીક સ્ટોર રાત્રીના સમયે બંધ...!

ગાંધીનગર, તા. ૬

દર્દીઓને દવાઓ સસ્તી અને સરળતાથી મળી રહે તે માટે રાજય સરકાર દ્વારા રાજયભરમાં પ્રધાન મંત્રી જન ઔષધી સ્ટોર ખોલવામાં આવ્યા છે. ત્યારે ગાંધીનગર સિવિલ કેમ્પસમાં પણ આ જન ઔષધી સ્ટોર સ્ટોર આવેલો છે. તંત્ર દ્વારા આ સ્ટોર ૨૪ કલાક ખુલ્લો રાખવાનો નિયમ છે, તેમ છતા સિવિલ કેમ્પસમાં આવેલા સ્ટોરમાં જરુરીયાત મુજબની દવા તો મળતી નથી, પરંતુ રાત્રીના સમયે જેનરીક દવાનો સ્ટોર બંધ રહેતો હોવાની ફરીયાદ દર્દીઓમાં ઉઠવા પામી છે.

પાટનગરમાં મેડીકલ કોલેજ બનતા સિવિલમાં દર્દીઓનો ધસારો વધુ રહે છે.તાવથી માંડીને ડાયાલીસીસ સુધીના રોગની સારવાર થાય છે. રાત્રીના સમયે પણ ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ધમધમે છે. સિવિલમાં આરોગ્યલક્ષી સેવાઓ વધુ સારી બનતા શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારમાંથી મોટી સંખ્યામાં દર્દીઓ આવે છે. ત્યારે દર્દીઓને તેમજ સ્વજનોને રાત્રીના સમયે મેડીકલ દવા મળતી નથી. દવાના સ્ટોર તો જે તે સમયે બંધ થઈ જાય છે. પરંતુ જેનરીક સ્ટોર પણ બંધ રહે છે તેવું દર્દીઓનું કહેવું છે. દવા લેવા માટે જેનરીક સ્ટોરમાં જાય છે ત્યારે માત્ર અંધકાર છવાયેલો હોય છે. જેથી દર્દીઓને ખાનગી મેડીકલમાંથી મોંઘીદાટ દવા લેવાનો વારો આવે છે. ત્યારે સિવિલ કેમ્પસમાં જેનરીક સ્ટોર માત્ર શોભાના ગાંઠીયા સમાન બની રહ્યો છે. દર્દીઓના આરોગ્યને ધ્યાને રાખીને અન્ય મેડીકલ સ્ટોર પણ ખુલ્લા રાખવા જોઈએ તેવી માંગ દર્દીઓમાં ઉઠવા પામી છે. પ્રધાનમંત્રી જન ઔષધી સ્ટોરમાં રાત્રીના ૧૦ કલાક પછી લાઈટો બંધ કરીને સ્ટોર બંધ થઈ જાય છે તેવી ફરીયાદો ઉઠવા પામી છે ત્યારે ખરેખર સ્ટોર ખુલ્લો હોય છે કેમ તે તપાસનો વિષય છે. પરંતુ દવા માટે રાત્રીના સમયે દર્દીઓને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડે છે તે હકીકત છે.

ત્રિદલ સંસ્થા તેજસ્વી તારલાઓનું સન્માન કરશે

શિક્ષણ, સાહિત્ય અને સમાજનો સહજ સમન્વય ઝંખતી સંસ્થા ત્રિદલ દ્વારા તા. ૮-૯-૧૮ ને શનિવારના રોજ સવારે ૧૦ કલાકે પી.કે.ચૌધરી મહિલા આર્ટસ કોલેજ સેકટર-૭ બગીચા પાસે રૂમ નં.૧૫ માં ગુજરાતી વિષયના તેજસ્વી તારલાઓનું સન્માન સાથે વિષય શિક્ષક તેમજ શાળાનું જાહેરમાં અભિવાદન કરવામાં આવશે. કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને જાણીતા સાહિત્યકાર ડો.દલપત પઢીયાર અને મુખ્ય મહેમાન પદે સમર્પણ આર્ટસ કોલેજના પ્રિન્સીપાલ ડો.દિપક પંડયા હાજર રહેશે. સંસ્થા દ્વારા માતૃભાષા પ્રેમી, સર્જકો, ભાવિકો તેમજ રસ ધરાવતા સૌ નાગરીકોને ઉપસ્થિત રહેવા જાહેર અનુરોધ કરવામાં આવે છે.

એશિયન ગેમ્સમાં ગુજરાતને ગૌરવ અપાવનાર ખેલાડીઓ સરિતા ગાયકવાડ, અંકિતા રૈના, માનવ ઠકકર અને હરમિત દેસાઈએ કોબા ગામે એમ.એમ.વસા હાઈસ્કૂલની મુલાકાત લીધી હતી. આ પ્રસંગે કોબાના સરપંચ યોગેશ નાયી, હાઈસ્કૂલના આચાર્ય ચેતનભાઈ સહિત અગ્રણી ગ્રામજનો તથા શિક્ષકગણ અને વિદ્યાર્થીઓએ ઉપસ્થિત ખેલાડીઓને હેતથી આવકાર આપી તેમનું અભિવાદન કર્યું હતું.

નર્સિંગના વિદ્યાર્થીઓએ શિક્ષકોને રમાડયા

શહેરના સે-૧૨ સ્થિત સી.એમ. પટેલ કોલેજ ઓફ નર્સિંગ ખાતે શિક્ષક દિનની ઉજવણીમાં એમએસસીના વિદ્યાર્થીઓએ કોલેજના પ્રાધ્યાપકોને વિવિધ મનોરંજક રમતો રમાડી હતી તેમજ કેક કાપી રાષ્ટ્રના

પ્રથમ રાષ્ટ્રપતિ ડૉ. સર્વપલ્લી રાધાકિશ્નનો જન્મદિવસ ઉજવ્યો હતો. આ પ્રસંગે કોલેજના આચાર્ય રાજેશ રાવલ તથા કેમ્પસ ડાયરેકટર ડૉ. આર.જે. વ્યાસ સહિત તમામ કર્મચારીગણ ઉપસ્થિત રહ્યા હતા.

ફિઝિયોથેરેપી કોલેજમાં દિવ્યાંગ બાળકોનું મટકીફોડ

ગાંધીનગરના સે-૧૨ સ્થિત સી.એમ. પટેલ કોલેજ ઓફ ફિઝિયોથેરેપી દ્વારા જન્માષ્ટમીની ઉજવણી અનોખી રીતે કરવામાં આવી હતી. જેમાં ૧૫ જેટલા દિવ્યાંગ બાળકોને રાધાકૃષ્ણની વેશભૂષામાં સજ્જ કરી મટકીફોડ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમનું પ્રિન્સિપાલ ડૉ. કે. વેત્તિયનંદનના માર્ગદર્શન અંતર્ગત ડૉ. નિકિતા તથા ડૉ. સૃષ્ટિ દ્વારા આયજન કરવામાં આવ્યું હતું. જન્માષ્ટમી પર્વ ઉજવીને દિવ્યાંગ બાળકો ઉત્સાહિત થયા હતા.

સે-૨૧ ડીસ્ટ્રીક શોપિંગ પાસેથી નવ મોબાઇલ સાથે બે શકમંદો પકડાયા

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર એસઓજીની ટીમ શહેરના સેકટર-૨૧ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી ત્યારે ડીસ્ટ્રીક શોપિંગ સેન્ટર પાસેથી બે શકમંદો મળી આવ્યા હતા. બંનેની અંગજડતી કરતા તેમની પાસેથી નવ મોબાઈલો મળી આવ્યા હતા. તમામ મોબાઈલના બિલ તેમની પાસે હતા નહીં. ચોરીના મોબાઈલ હોવાની શંકાને આધારે એસઓજીની ટીમે બંને શકમંદોની અટકાયત કરી ઊંડી પૂછપરછ શરૂ કરી છે.

ગાંધીનગર એસઓજી પીઆઈ સોલંકીની ટીમના પી.એસ.આઈ જે.આર કરોતરા અને બી એમ પટેલ તેમના સ્ટાફના માણસો સાથે શહેરના સેકટર-૨૧ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ખાનગી પેટ્રોલીંગમાં હતા ત્યારે સેકટર-૨૧ ખાતે ડીસ્ટ્રીક શોપિંગ નજીકથી આ ટીમને બે શકમંદો મળી આવ્યા હતા.

અમદાવાદના હોળી ચકલા વિસ્તારમાં નારણદાસ મોતીલાલની તારવાળી ચાલીમાં રહેતા વિશાલ મણીલાલ પટણી અને અમદાવાદના મેમ્કો ફાટક પાસે છાપરામાં રહેતા લાલા રામુભાઈ પટણી બંને શકમંદોની તલાશી લેતા તેમની પાસેથી અલગ-અલગ કંપનીઓના બિલ બોકસ વગરના ૯ મોબાઈલ મળી આવ્યા હતા. ૯ મોબાઈલની માલિકી અંગે તથા બીલ બોકસ અંગે પૂછપરછ કરતાં કોઈ સંતોષકારક જવાબ નહીં મળતા સી.આર.પી.સી કલમ ૧૦૨ મુજબ મુદ્દામાલ કબજે લઈ સી.આર.પી.સી કલમ ૪૧(૧) મુજબ ગુનો દાખલ કરી તેમની અટકાયત કરી લેવા આવી છે. બંને શકમંદોને પૂછપરછ માટે સેકટર-૨૧ પોલીસ સ્ટેશન મોકલી આપવામાં આવ્યા છે.

આઈઆઈટી ખાતે અંગદાન જાગૃતિ માટે અનિલ શ્રીવાસ્તવનું વકતવ્ય

ગાંધીનગર આઈઆઈટી ખાતે વિદ્યાર્થીઓ માટે 'અંગદાન જાગૃતિ' કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ૪૦ દેશોમાં ૭૦ હજાર કિમીનો પ્રવાસ ખેડી અંગદાન અંગે જાગૃતિ ફેલાવવાનું અભિયાન ચલાવી રહેલા અનિલ શ્રીવાસ્તવે માર્ગદર્શન પુરું પાડયું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે અનિલ શ્રીવાસ્તવ આઈપીએલની કિંગ્સ ઈલેવન પંજાબ ક્રિકેટ ટીમ તથા રેડીયો ટુડેના પૂર્વ સીઈઓ હોવા ઉપરાંત 'રેડિયોવાલા'ના સહસંસ્થાપક રહી ચૂકયા છે અને હાલમાં તેઓ બેંગ્લોરથી નેપાળ અને પરત સુધીની અંગદાન જાગૃતિ યાત્રાએ છે.